
સંવત ૧૯૬૬ માં બારડોલીમાં ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિના સુધારા કરવા માટે થએલા મેલાવડાની નોંધ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બારડોલી ઔદીચ્યસહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિના અશેષ તરફથી

વ્યાસ ઇચ્છાશંકર શંકરજી.



સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

અમદાવાદ.

ધી. યુનિયન પ્રીન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં

મોતીલાલ શામળદાસે છાપી.

કિંમત.

શ્રી

સંવત ૧૯૬૬ માં બારડોલીમાં ઔદીચ્યસહસ્ત્ર બ્રાહ્મણજ્ઞાતિના સુધારા કરવામાટે થએલા મેળાવડાની નોંધ.

બારડોલીના વ્યાસજી **માધવરામ હરિનારાયણ** શ્રી પ્રયાગ, કાશી, હરિદ્વાર, રૂષીકેશ, મથુરા, ગયાજી વીગેરે પવિત્ર તિર્થોની યાત્રા હાલમાં કરી આવ્યા છે. તે સંબંધમા ગંગાપુજન તથા વિષ્ણુયાગ કરવાનો તથા તે પ્રસંગે જ્ઞાતિની ઉન્નતીનેઅર્થે જ્ઞાતીમાં ચાલતા આવેલા રીતરીવાજોમાં જોઇતો સુધારો વધારો તથા જ્ઞાતિ હીતનાં કેટલાંક કાર્યો કરવાના નિયમ બાંધવા સારૂ જ્ઞાતિ સમ્મીલન અથવા જ્ઞાતિ મેળાવડો કરવાનો પોતાનો વિચાર બારડોલીના અશેષ બ્રાહ્મણને તેમણે જણાવ્યાથી અશેષે ઘણા આનંદ અને હોંસપૂર્વક તે કાર્યમા પૂર્ણ સમતી આપી. અને એ સમારંભને માટે સવત ૧૯૬૬ ના વૈશાખ સુદ ૧૨ ની મીતી ઠરાવવામાં આવી. અને પાલવાડાના બારે ગામની જ્ઞાતિ સમગ્રને બોલાવવાની આમંત્રણ પત્રી મોકલવાનો ઠરાવ કરવામા આવ્યો.

તે પ્રમાણે નીચે પ્રમાણેની પત્રી બારડોલીથી બીજા બધા ગામોએ નીચે બતાવ્યા પ્રમાણેના પટેલોને શિરનામે શુકલો મારફતે મોકલવામાં આવી.

બારે ગામના પટેલો ઉપર પત્રીકા લખેલી તેની નકલ.

............માહા શુભસ્થાને સર્વે શુભોપમા યોગ્ય રા. રા.......... તથા અશેષ બ્રાહ્મણ સમસ્ત પ્રતિ બારડોલીથી લી. વ્યાસ માધવરામ હરિનારાયણ તથા અશેષ બ્રાહ્મણ સમસ્તના નમસ્કાર વાંચશો.

વિશેષ કે અત્રે વ્યાસજી માધવરામ હરિનારાયણને ત્યાં વૈશાખ શુદી ૧૨ શુક્રવારથી શ્રી વિષ્ણુયાગનો સમારંભ કરવા ધાર્યું છે. તે પ્રસંગે

આપણી પાલવાડાની જ્ઞાતિમાં કેટલાક સુધારા કરવા ધાર્યું છે. માટે પ્રસંગ ઉપર આપ પધારવા કૃપા કરશો. નીચે લખેલા વિષય સંબંધી જ્ઞાતિ સભામાં વિચાર કરવામાં આવશે.

(૧) એકડાનો વર્ગ જૂદો બંધાએલો છે તેનું ઐક્ય કરવા પ્રયત્ન કરવો.

(૨) બાળલગ્નનો અટકાવ કરવો.

(૩) કેળવણીનો ફેલાવો થાય એવી યોજના કરવી.

(૪) શુકલ દક્ષણાની કોથળીની રીત કહાડી નાંખવી.

(૫) શુકલ દક્ષણાના એવા નિયમ બાંધવા કે વેદવિદ્યાને ઉત્તેજન મળે.

(૬) જ્ઞાતિમાં ચાલતા આવેલા રિતરીવાજ તથા ખર્ચમાં જોઇતો સુધારો કરવો.

(૭) બીજી કોઈ સુધારાની સુચના થાય તેનો વિચાર કરવો.

સભાનું કાર્ય વૈશાખ સુદી ૧૨ શુક્રવાર, ૧૩ શનિવાર, તથા બીજી તેરશ રવિવાર એ ત્રણ દિવસ ચાલશે. માટે બારસના રોજ સવારે પધારવા કૃપા કરશો. તા. ૨ મે ૧૯૧૦ ચૈત્ર વદ ૮ સોમવાર

નિચે લખેલા પટેલોપર પત્રીકા મોકલવામાં આવી હતી.

૧	બ્યારા	પાઠક દુર્લભરામ શીવશંકર.
૨	વાલોડ	દેશાઈ હરિપ્રસાદ હરિભાઈ
૩	કડોદ	વ્યાસ લક્ષ્મીશંકર હરિનારાયણ
૪	માંડવી	પાધ્યા તુળજારામ ચંદ્રશંકર.
૫	પલસાણા	જોશી વીષ્ણુરામ મોરારજી. તથા ત્રવાડી મગનલાલ પ્રેમશંકર.
૬	બલેશ્વર	ભટ્ટ રામશંકર કલ્યાણજી.
૭	વાંસદા.	પરોત મંચ્છારામ નારણજી.
૮	મહુવા	ત્રવાડી કાશીરામ પરસોતમ
૯	સરભોણ	ભટ્ટ ઘેલાભાઇ પૂર્ણાનંદ.
૧૦	ખરવાશા	પંડયા મણીશંકર પ્રાણશંકર
૧૧	ધરમપોર	પુરોહીત મંચ્છારામ ગીરજાશંકર.

ઠરાવેલી મીતીએ બારે ગામના અગ્ર ગણ્ય પુરૂષો તથા પરોણાઓ

મળી આશરે ૫૦૦ પાંચસો માણુસો, એ પ્રસંગે બારડોલી પધાર્યા હતા· તેમાં નીચે બતાવ્યા પ્રમાણેના મુખ્ય હતા.

(૧) બારડોલી.

અપેશ બ્રાહ્મણો. (સમસ્ત.)

(૨) વ્યારા.

પાઠક દેવશંકર પ્રભાશંકર.
જોશી ગજાનન હરિક્રાણ.
ભટ્ટ ભવાનીશકર પ્રાણુશંકર.
જોશી કેશવરામ હરિક્રાણ.
પાધ્યા વલ્લભરામ પ્રાણુશંકર.
ભટ્ટ દલપતરામ રવીશંકર.
પાધ્યા હરિનારાયણુ હરિશંકર
જોશી જીવણુરામ જગદીશ.
પંડ્યા દયાશંકર નથ્થુરામ.
ભટ્ટ હરગોવીંદ પ્રાણુશંકર.

(૩) વાલોડ.

દેશાઇ હરીપ્રશાદ હરિભાઇ.
દેશાઈ આત્મારામ ત્રંબકરામ.
દેશાઇ તુળજનરામ ખુશાલજી.
દેશાઇ દલપતરામ ગોવિંદજી.
દેશાઇ નરોતમ ભગવાનજી.
વ્યાસ નરોતમ કેશવરામ.
દેશાઇ ગીરજાશંકર દયાળજી.
ત્રવાડી દુર્લભરામ હરિનારાયણુ.
દેશાઈ વલ્લભરામ હરિનારાયણુ.
નાયક હરિપ્રસાદ કીષ્ણુારામ.
દેશાઈ જીવણુરામ રામશંકર
વ્યાશ જીવણુરામ નદરામ.
દેશાઈ હરિપ્રસાદ કુશળરામ.
ત્રવાડી ગીરજાશંકર શીવશંકર.
દેશાઇ મૂળશંકર ઇચ્છારામ.

(૪) કડોદ.

વ્યાસ તૂળજારામ વીષ્ણુરામ.
વ્યાસ ભવાનીશંકર રામશંકર.
વ્યાસ મયાશંકર પ્રભાશંકર.
વ્યાસ માધવરામ અબારામ.
પડ્યા નારૂશંકર કૃપાશંકર.
ત્રવાડી કેશવરામ ફકીરભાઇ.
ભટ્ટ ફકીરભાઇ નથ્થુરામ.
જોશી ગૌરીશંકર ફકીરભાઇ.
વ્યાસ ગીરજાશંકર જેશંકર.
વ્યાસ હરગોવીંદ આણુંદરામ.
વ્યાસ ભાઇશંકર રામશંકર.
વ્યાસ રણુછોડજી ગોપાલજી.
વ્યાસ પ્રાણુશંકર રામશંકર.
વ્યાસ છોટાલાલ હરિનારાયણુ.

(૫) માંડવી.

પાધ્યા વજેરામ પ્રાણુશંકર.

(૬) પલસાણા

જોશી વિષ્ણુરામ મોરારજી.
ભટ્ટ ઘેલાભાઈ હરિભાઈ.
જોશી કેશવરામ ત્રંબકરામ.
પાઠક મણીશંકર બાળકરામ.
જોશી રામશંકર પ્રેમશંકર.
શુકલ ભીખાભાઇ બાળકરામ.
ભટ્ટ તુળજારામ જીવણરામ.
જોશી જયકૃષ્ણ બાળકૃષ્ણ.
ભટ્ટ હરિપ્રસાદ જદુરામ.
જોશી નારણશંકર રાજારામ.
ત્રવાડી દયાશંકર ફકીરભાઇ.
ભટ્ટ લક્ષ્મીશકર પ્રાણશકર.

(૭) બલેશ્વર.

ભટ્ટ ભવાનીશકર વિષ્ણુરામ.
જોશી નર્ભેરામ જીવણરામ.
ભટ્ટ કલ્યાણજી અંબારામ.
ભટ્ટ નર્ભેરામ કાશીરામ.
ભટ્ટ જદુરામ દુર્લભરામ.
દેશાઈ ઇચ્છારામ તુળજારામ વાલોડકર.
પાઠેક ઘેલાભાઇ હરિપ્રસાદ
જોશી હરિભાઈ પ્રેમશંકર.
પાઠેક દલપતરામ શીવાનંદ.
ભટ્ટ લક્ષ્મીશંકર ફકીરભાઇ.
ભટ્ટ હરિશકર ફકીરભાઈ.
શુકલ ભવાનીશંકર માધવરામ.
જોશી ગણપતરામ જીવણરામ-
શુકલ કલ્યાણજી નદરામ.

(૮) વાંરદા.

પુરોહીત મચ્છારામ નારણજી.
વ્યાસ ગણપતરામ માધવરામ,
પાધ્યા બાળચંદ્ર લક્ષ્મીશકર.
ભટ્ટ કેશવરામ ગોપાળજી.
પાધ્યા ઇચ્છારામ હરિકૃષ્ણ.
પાધ્યા ત્રંબકરામ ભીખાભાઇ.

(૯) મહુવા.

મયાશકર પરસોતમ.
જીવણરામ કરૂણાશંકર.
જોશી ઇચ્છારામ હરિશકર.

(૧૦) સરભોણ.

ભટ્ટ ઘેલાભાઈ પૂર્ણાનદ.
ભટ્ટ વીષ્ણુરામ મયાશંકર.
ભટ્ટ નર્ભેરામ મયાશકર.

(૧૧) અરવાસા.

પંડ્યા કેશવરામ જદુરામ.
વ્યાસ ગીરજાશંકર હરિવલ્લભ,
પંડ્યા મણીશંકર પ્રાણશંકર.

(૧૨) ધરમપોર.

પુરોહીત દયાશંકર ગીરજાશંકર.

વ્યાસજી માધવરામ હરિનારાયણના બંગલા આગળ એ પ્રસંગ માટે ખાસ ઉભા કરેલા સુશોભીત વિશાળ મંડપમાં સભાનું સ્થાન રાખવામાં આવ્યુ હતું; તથા તેમના ભવ્ય બંગલાના સુંદર દીવાનખાનામાં પણ સભાની બેઠક થઈ હતી. ગામ પરગામના અન્ય જ્ઞાતિના ગ્રહસ્થો પણ એ બ્રહ્મ સભાનો લાભ લેવા પધાર્યા હતા. તેમાં બારડોલી વિભાગના ડેપ્યુટી કલેકટર મે. નારણભાઈ સાહેબ તથા મામલતદાર સાહેબ પણ હતા. એ સમારંભ ચાર દિવસ સુધી ઘણી ધામધુમથી ચાલ્યો હતો.

સભાની પહેલા દીવસની બેઠકના પ્રારંભમાં વિષ્ણુયાગ માટે ભેગા મળેલા વિદ્વાન રૂત્વિજો અને શુકલોએ વેદ મંત્રોનું ઉચ્ચારણ કરી સભાને આશીરવાદ દીધો હતો અને યુવાનોએ હારમોનીયમ તબલાં સાથે મંગળા ચરણ કર્યું હતું તેમાં તે પ્રસંગ માટે તૈયાર કરેલાં ઇશ્વર સ્તવનનાં પદો તથા સંસાર સુધારા સંબંધીની રસીલી કવીતાઓ સુંદર સ્વરથી ગવાઇ હતી, એક મંડપમાં વિષ્ણુયાગ ક્રીયા ચાલતી હતી અને પાસેના બીજા મંડપમાં સભાનું કામ ચાલતું હતું, તેથી સઘળો દેખાવ મનોરંજક લાગતો હતો.

મગળાચરણ પુરૂં થયા પછી વ્યાસજી માધવરામે પ્રતિનીધીઓને આ-વકાર માટેનું તથા સભા બોલાવવાનો ઉદ્દેશ જણાવનારૂં નીચે મુજબનું ભા-ષણ બહુજ અસરકારક રીતે કીધુ હતું.

જ્ઞાતિબંધુઓ તથા સજ્જનો, જ્ઞાતિબ્હેનો, અને સન્નારીઓ.

અત્રેના અશેષ બ્રાહ્મણોની આમંત્રણ પત્રીકાનો સ્વીકાર કરી આપ સર્વે ભાઇઓ અત્રે પધાર્યા તે માટે અશેષ તરફથી તેમજ મારા તરફથી હું સર્વેને ઘણો હર્ષભર્યો આવકાર આપુછું. આપના પધાર્યાથી સમસ્ત અશેષને તેમજ મને અને આખા બારડોલી ગામને કહું તો પણ હરકત નથી કે ઘણોજ આનંદ થયો છે. આવી સખ્ત ગરમીના ઉનાળાના દિવસમાં અત્રે આવવામાં ઘણો શ્રમ અને હરકત હોય છે. તે ન ગણતાં આપણા પાલવાડાના બારે ગામના અશેષના પ્રતિનીધીઓ જ્ઞાતિ સમસ્તનું હિત વિ-ચારી જ્ઞાતિના ભવિષ્યના લાભની બાબતોનો એકત્રપણે વિચાર કરવા માટે ભેગા મળ્યા છે. એ માટે અમો સર્વે ઘણા આનંદથી આપનો આદર સત્કાર કરીએ છીયે અને આભાર માનીએ છીયે.

આપ સર્વે ભાઇઓની સરભરા અને તિથ્ય યોગ્ય રીતે કરવાને અમો સંપૂર્ણ રીતે શક્તિમાન થઈએ એવી ખરા અંતઃકરણની અમારી ઇચ્છા છે. પણ કદાચ તેમ કરવામાં અમે પાછળ પડીએ, આપની આગતા સ્વાગતા કરવામાં અમારી કંઇ ખામી જણાય તો તે ખામી અમારી અંતઃકરણની ઇચ્છાથી નહિ, પણ હમારી શકતીની ન્યુનતા કે સ્વાગતના નિયમના અમારા અજાણપણાને લીધે છે એમ ગણી દરગૂજર કરવા કૃપા કરશો.

આપણી સમગ્ર જ્ઞાતિના આવા ભવ્ય મેળવડાના પ્રસંગે જ્ઞાતિનો પ્રાચીન ઇતિહાસ કહેવા મન લલચાય છે, તોપણ તે હકીકત કેટલાક માસીક પત્રોમાં આવતી જણાય છે, તેથી તેનો વિસ્તાર કરવા ઝાઝી અગત્યતા નથી. ગુજરાતના રાજા મૂળરાજે સિદ્ધપુરમાં રૂદ્રમાળો કરતી વખતે ઉદિચ્ય એટલે ઉત્તર દીશામાંથી કેટલા વિદ્વાન બ્રાહ્મણોને તેડાવ્યા, તેમને ગામો દક્ષણામાં કયાં કયાં આપ્યાં ? સીધપોરા અને સિંહોરા ઔદિચ્યોના જથ્થા કેમ થયા ! તેઓ કચ્છ કાઠીયાવાડ અને ગુજરાતમાં કેવી રીતે પ્રસર્યા ? અને સ્થાપીત થયા, સુરત જીલ્લાના ૨૨૦૦ ઘરના પાલવાડો, પચકોશી, નવચોરા એ જથા કેમ થયા ? તેઓ શા માટે જૂદા પડયા, અને તેમાં વિભાગ કેમ થયા, એ પ્રાચીન ઇતિહાસ જણાવી આ સભાનો વખત લેવા કે કંટાળો આપવા હું રાજી નથી. ભૂતકાળનું સ્મર્ણ કર્યા કરવું તે કરતાં વર્તમાન અને ભવિષ્ય વિચારવાનું વધારે જરૂરનું છે અને તેમાંજ લાભ છે. આપણા પૂર્વજો જેવા કે યાજ્ઞવલ્ક્ય, વસિષ્ટ, વિશ્વામિત્ર, ભારદ્વાજ, જમદગ્ની, ગૌતમ કપીલ વગેરે અનેક મહર્ષીઓ વિદ્વાન, જ્ઞાની, શ્રોત્રીય અને બ્રહ્મનિષ્ઠ હતા અને સર્વત્ર પૂજ્ય હતા. એ ઉત્તમ આદર્શ નજર આગળ નિત્ય રહે તે સારૂં છે. પણ તેના મૂકાબલામાં આપણે કેટલા નીચે ઉતરી ગયા છીયે અને પાછા ચઢવા ને ઉન્નતસ્થાન પ્રાપ્ત કરવા શા શા ઇલાજ લેવા જોઈયે એનો વિચાર કરવાની વધારે આવસ્યકતા છે. આપણું જુનું તે બધું સારૂં અને નવું તે બધું નકામું એ વિચાર મનમાંથી દુર કરવો જોઇયે.

જુનું છોડવું નવું ગ્રહણ કરવું.

એક વખતે જે સારૂં હોય તે જમાનો ફેર થવાથી, વખતના વહેવાથી, રીતરિવાજ, આચાર વિચારમાં ફેર થવાથી, બીજાના મુકાબલા થવાથી, ઉપયોગી ગણાય નહીં અને તેમાં ફેરફાર કરવા જરૂર જણાય. તેથી ડાહ્યા માણસે જુના નવાનો હમેશાં વિચાર કરતાં રહેવું જોઈએ, અને જુનુ નકામુ થઇ પડે તે

છોડવું, અને નવું ઉપયોગી લાગે તે ગ્રહણ કરવું એજ માર્ગ હિતકારી છે એમ ઘણા આગ્રહ પૂર્વક આ સભાને જણાવવાને રજા લઉં છું.

ફેલાયલી જાગૃતીથી સમાજના સુધારાનો અમલ થતો નથી.

દેશમાં હાલમાં સર્વત્ર જાગૃતી ફેલાયલી છે. અનેક પ્રકારની ચળવળ ચાલી રહી છે. અનેક પ્રકારના નવા વિચાર જાહેર થાય છે, અનેક પ્રકારના સુધારાની સૂચના કે ભલામણ કરવામાં આવે છે. પ્રતિવર્ષે કોંગ્રેસ, કોન્ફરન્સ, સમાજ પરિષદ્ મેળાવડા અને સભાઓ એ બાબત મળે છે અને વિચાર કરે છે. ઉચી નીચી બધી જ્ઞાતિઓ, કેળવાયલા તેમજ જૂની ઢપછબના લોકો સામાજીક સુધારણા કે જ્ઞાતિ સુધારાના વિચાર કરતા થયા છે. તે બાબત સભા મળે છે, ભાષણો થાય છે, ઠરાવ થાય છે, પણ તે ઠરાવ કાગળ ઉપરજ રહે છે. તેનો અમલ કરવા સંબંધી ગભીરાઇથી ડહાપણથી, સુસંપથી જે ઇલાજ લેવાવવા જોઈએ તે લેવાતા નથી અને તેથી ધારેલો હેતુ પાર પાડવામા ઘણો વિલબ થાય છે.

સામાજીક સુધારણાની સઘળી યોજના રાજકિય રાષ્ટ્રીય સભા અથવા નેશનલ કોગ્રેસના ધોરણે ચાલતી જણાય છે. રાજકિય હકો દેશના રાજા પાસે માગવાના છે તેથી પ્રજાની લાગણી શી છે, પ્રજાને શું દુખ દરદ છે, પ્રજાને શું જોઇયે, તે રાજાને જાહેર રીતે જણાવવા માટે સભાઓ મેળવવી અને વિનય પૂર્વક ઠરાવો પાસ કરવા, એ માર્ગ જરૂરનો છે. તેજ પ્રમાણે સોશીયલ કોન્ફરન્સ એટલે સંસાર સુધારાની સામાન્ય સભા જે પ્રતિ વર્ષે દેશના જૂદા જૂદા ભાગમાં મળે છે. અને જેમાં સર્વે જ્ઞાતિના કેળવાયલા પુરૂષો ભાગ લે છે અને જમાના પ્રમાણે કરવાના સુધારા સંબંધી ભલામણ કરે છે, તે પણ યોગ્ય છે. એ ભલામણ અને ઠરાવોનો અમલ કરવાનું કામ જૂદી જૂદી જ્ઞાતિના હાથમાં છે. તે માટે જોઈતાં પ્રયત્નો થતાં હોય એમ જણાતું નથી. જ્ઞાતિની સમાજો મળે અને સુધારાની ભલામણ કરે તેથી ધારેલું કાર્ય પાર પડે નહી. પણ કન્યા વ્યવહારની અનુકુળતા માટે જે જે જથા બંધાયલા છે તે તે જથાના અગ્રગણ્ય પુરૂષો એકમ

ઠરાવનો અમલ કેવી રીતે થાય.

વિચાર કરે અને જ્ઞાતિના સુખના લાભકારી ધારા રાજી ખુશીથી, સલાહસંપથી, ઉદાર વૃત્તીથી, સમગ્ર જ્ઞાતિ પાસે બંધાવે તો તેનો અમલ ઝટ થઇ શકે. જૂદા જૂદા જથાની જ્ઞાતિઓ પોતપોતાનામાં એ પ્રમાણે ધારા બાંધે

તો પછી તે ક્ષેત્ર વિશાળ થઈ શકે. પણ એકજ સમાજ કે એકજ મંડળ આખા દેશને માટે કે જૂદા જૂદા જથાને માટે સુધારા કરવાનું માથે લે તો તે કામ પાર પાડવું ઘણું દુર્ઘટ છે.

જ્ઞાતિની સભાઓ મળે છે અને ધારાબંધી રચાય છે તો પણ તે બધા ધારાનો અમલ હમેશ એક સરખી રીતે થાય એમ બનતું નથી. જ્ઞાતિમાં સંપ હોય, કુસંપનું કારણ કાંઇ નહિ હોય, મમત કે હઠિલાઇ વિના, શુદ્ધ બુદ્ધિથી, સઘળાને રૂચે, એવું કાર્ય થાય તો જ્ઞાતિના ધારા સરળતાથી ચાલે. પણ તે સાથે એટલું અવશ્યનું છે કે જ્ઞાતિ બંધારણ મજબૂત હોવું જોઈએ. જ્ઞાતિના બંધ શીથીલ કે નરમ પડવા દેવા જોઇયે નહીં. એક રાજાના રાજ્યમાં કાયદા સારા હોય અને રાજા બળવાન હોય તો પણ તે કાયદા તોડી ગુન્હેગારો ગૂન્હા કરે છે. પણ તેનો ઇન્સાફ કરવા અને ગૂનેગારોને સજા કરવા ન્યાયાત્રિશો હોય તેથીજ કાયદાનો અમલ થાય છે. જ્ઞાતિ એ વગર રાજાનુ સૈન્ય વિનાનું પ્રજાસત્તાક રાજ્ય છે. તેમાં કુસંપ રૂપી સડો ન હોય અને જ્ઞાતિ બંધારણ મજબુત હોય તોજ જ્ઞાતિના ધારા ચાલી શકે. માટે દરેક જ્ઞાતિમાં પ્રથમ મુખ્ય કામ કરવાનું એ છે કે જ્ઞાતિમાંથી કુસંપના મૂળ કાપી નાખી સંપ વધારવો અને જ્ઞાતિ બંધારણ મજબુત કરવું એમ થશે તોજ જ્ઞાતિ સારા ધારા બાંધી શકશે અને તેનો અમલ કરી શકશે.

કુસુંપ નહિ હોય અને જ્ઞાતિ બંધારણ મજબુત હોય તો ધારા ચાલે.

ઘણી સંતોષની વાત છે કે જ્ઞાતી સુધારાની બાબતમાં આપણી પાલવાડાની જ્ઞાતી બીજી કોઇ પણ જ્ઞાતી કરતાં પાછળ નથી. પણ સઘળા કરતાં આગળ છે, એમ કહીયે તો તે ખોટું નથી. એ બાબતની જાગૃતી આપણી જ્ઞાતીમાં છેક સંવત ૧૯૦૭ થી આવેલી છે, એટલે ૫૯ વર્ષ થયા સંસાર સુધારા ઉપર આપણી જ્ઞાતી ધ્યાન આપતી આવેલી છે. જ્ઞાતીના સુધારામાં મુખ્ય કરવાનો સુધારો એ છે કે બોજારૂપ નકામા ખર્ચ વરા બંધ કરવા. એ બાબત આપણી જ્ઞાતી એ પ્રથમ હાથમાં લીધી હતી સંવત ૧૯૦૭ માં બારડોલીના અશેષે શુભાશુભ પ્રસંગના ઘણા ખરચ વરા કમી કરી તે બાબત કેટલાક ધારા બાંધ્યા હતા તેની નકલ આપણા બીજા ગામોએ મોકલી હતી. તે ધારા બધાને પ્રસંદ પડયા અને તેનો અમલ તરત સઘળા ગામોએ થયો. તે વખતે હાલના જેટલી

જ્ઞાતી સુધારામાં પાછળ નથી. અત્યાર સુધી કેટલા સુધારા થયા.

કેળવણી આપણી જ્ઞાતીમાં પસરેલી નહોતી. તો પણ માહોમાહે એટલો સંપ હતો અને અગ્રેસરો ઉપર એટલો વિશ્વાસ હતો કે બારે ગામના લોકોએ ભેગા મળી તે સંબંધી ઠરાવ કર્યો ન હતો, છતાં બારડોલીમાં થયેલી ધારા બંધી બધાએ માન્ય રાખી હતી.

જ્ઞાતી સુધારાનો બીજો પ્રયત્ન સંવત ૧૯૪૦ માં વ્યારા મુકામે થયો હતો. પાઠકજી પુરૂષોતમભાઇએ ત્યાં જ્ઞાતિ સમૂહ બોલાવ્યો હતો. સમગ્ર જ્ઞાતિએ તે પ્રસંગે સર્વાનુમતે સારા ધારા બાંધ્યા હતા. તેમાં મૂખ્ય સુધારો તો એ હતો કે કન્યાવિક્રય અને સાટાં ત્રીખલા બંધ કર્યા. અને તે કરે તેને માટે શિક્ષા ઠરાવી. એ સુધારો આપણા કેટલાક જ્ઞાતીબંધુઓએ માહો માહે એકડા કરી ખરા અંતઃકરણથી અમલમાં મૂકયો. અને તેમાં તેઓ એટલા સંપૂર્ણ રીતે ફતેહમંદ થયા છે કે આપણી જ્ઞાતિમાંથી કન્યાવિક્રય તથા સાટાં ત્રીખલાનો અધમ રીવાજ જડમૂળથી ઉપડી ગયો છે. એ બાબતનું સઘળું માન અને ધન્યવાદ એકડાનાં અગ્રેસરોને ઘટે છે. વ્યારાની જ્ઞાતિ સભામાં બીજા અગત્યના ઠરાવો એ હતા કે ૩૦ વર્ષની અંદરના માણુસનું મર્ણ થાય તો ન્યાતી અથવા જમણવાર કરવી નહિં. તેમજ સીમંતનો વરો પણ બંધ કર્યો અને લગ્નની એક ન્યાત કમી કરી. એ બાબત આપણી જ્ઞાતિ બીજી સર્વ જ્ઞાતિ કરતાં આગળ છે તે બહુ આનંદની વાત છે. સીમંતનો વરો હજુ બીજી કોઈ જ્ઞાતિ બધ કરી શકી નથી.

જ્ઞાતિ સુધારાનો બીજો પ્રયત્ન અત્રે બારડોલીમાં સંવત ૧૯૪૬ માં થયો હતો. તે પ્રસગે એકજ વિષયનો વિચાર કરવાનો હતો. આપણી જ્ઞાતિમાના સુધર્મે કન્યા આપનારા પૈકીના કેટલાક છોકરા કુવારા રહી ગયા હતા. તેમના વિવાહની ગોઠવણુ કોઈને અપવાદ ન નડે એ માટે જ્ઞાતિસમૂહ સમક્ષ કરવામાં આવી હતી.

સંવત ૧૯૫૨ માં વાલોડ મૂકામે સમગ્ર જ્ઞાતી મળી હતી. ત્યાં એક મ્હોટો સુધારો આપણી જ્ઞાતિએ સર્વાનુમતે કર્યો હતો. વિલાયત જઇ આવેલા એક ગ્રહસ્થને પ્રાયશ્ચિત આપી જ્ઞાતિમાં દાખલ કર્યા હતા. એથી વિલાયત જઇ આવેલા માણુસને જ્ઞાતીમાં દાખલ કરવાના મોટા સવાલનો સંતોષકારક ફેંસ્લો આપણી જ્ઞાતિએ કર્યો છે. હવે આપણા યુવાનોને પરદેશગમન કરવાની છુટ છે. જેઓ જશે તેમને પ્રાયશ્ચીત આપી જ્ઞાતીમાં દાખલ કરવામાં આવશે એમ માનવામાં કંઈ હરકત નથી. એ બાબતમાં

મુંબઇ શહેરની કેળવાયેલી કપોળ જ્ઞાતી હજુ માહોમાંહે લડે છે, ત્યારે આપણી જ્ઞાતીએ એ સુધારાનો ઠરાવ ક્યારનોએ કર્યો છે તે બાબત જ્ઞાતીને ઘણો ધન્યવાદ ઘટે છે.

સંવત ૧૯૫૪ માં બારડોલીના અશેષે લગ્નમાં વરયાત્રાને રહેવાનો એક દિવસ અને છેલ્લી ન્યાતી કમી કરવા ઠરાવ કર્યો હતો. તે બારે ગામ મોકલતાં સર્વેએ તેનો અમલ કર્યો છે.

છેલ્લો જ્ઞાતિ સમૂહ સંવત ૧૯૫૫ માં માંડવી મુકામે ભટ નંદરામ નથુરામ તથા ભટ મંચ્છારામ ભગવાનજીએ બોલાવ્યો હતો. તેમાં વ્યારામાં થયેલી ધારાબંધી માન્ય રાખી જરૂરી સુધારો વધારો કરવામાં આવ્યો હતો અને કેટલીક કઢંગી રૂઢી અને રીતો કમી કરવામાં આવી હતી.

એ પ્રમાણે વખતે વખત સુધારા કરવા આપણી જ્ઞાતીએ સારી જાગૃતી બતાવી છે, અને જરૂરી પ્રયત્ન કર્યો છે, અને તેમાં તે ઘણે દરજ્જે ફત્તેહમંદ થઇ છે. એ આપણને ઘણા આનંદ અને સંતોષની વાત છે. જ્યારે બીજા જથાના આપણા ઔદિચ્ય બંધૂઓ અન્ય સ્થળે લાંબી મુદતથી સુધારા કરવાની માત્ર ચર્ચા કર્યા કરે છે, અને એક કરતાં વધારે સ્ત્રી પરણવાનો, કન્યાવીક્રય કે સાટા ત્રીખલાનો, સીમંતના વરાનો અનિષ્ટ રીવાજ હજુ રાખી રહ્યા છે, એવું આપણે જોઇએ છીએ ત્યારે આપણે સંસાર સુધારાનાં કામમાં ઘણા આગળ વધ્યા છીએ એમ સર્વ કોઈ કબુલ કરશે.

તો પણ હજુ આપણને કરવાના કામ કે સુધારા ઘણા છે. તેમાં મુખ્ય એ છે કે, જ્ઞાતીમાં સંપ વધારવો. જ્ઞાતી ભાઇઓ અરસપરસ ભાતૃભાવ, બંધૂભાવથી વરતે એમ કરવું, કુસંપ કાઢી નાંખવો, અને કુસંપના જે કારણો હોય તે દુર કરવાં. એવા કારણો હાલ બે નજરે પડે છે. જે કારણથી જ્ઞાતીમાં તડ પડે, જ્ઞાતીના વિભાગ થાય, જ્ઞાતી બંધૂઓના મન કચવાય, અને માંહોમાંહે ક્લેશ ઉત્પન્ન થાય, એવું એક કારણ એકડાથી થયેલો પ્રતિબંધ છે, અને બીજું કારણ શુકલ દક્ષણાની કોથળીની રીત છે. આ બે કારણો જલદી દુર કરવાની અગત્ય છે. એ સંબંધી આ સભાએ મુખ્ય વીચાર કરવાનો છે.

એકડાનો ઠરાવ બહુ સારો છે. તેનો હેતુ ઘણો ઉત્તમ છે. તે ઠરાવથી આપણી જ્ઞાતીમાં કન્યાવિક્રય અને સાટાં ત્રીખલાંનો અનિષ્ટ રીવાજ બંધ થઈ ગયો છે, એ એક મ્હોટામાં મ્હોટો સુધારો થયો છે. તેનું સઘળું માન અને સાબાશી એકડા કરનાર આપણા જ્ઞાતી બંધુઓને ઘટે છે. ૨૫ વર્ષ જેટલી લાંબી મુદ્દત સુધી એ ઠરાવ આગ્રહ, દ્રઢતા અને ધૈર્યથી ચાલ્યો છે. અને તે ધોરણે અનેક છોકરાઓના વિવાહ સુધર્મે સરળતાથી થઈ ગયા છે. એ એકડાની મ્હોટામાં મોટી ફત્તેહ છે. એકડા બાંધનાર પુરૂષોનો હેતુ સંપૂર્ણ રીતે પાર પડ્યો છે, અને તેથી મગરૂર થવાનું તેમને યોગ્ય કારણ છે. હવે વીચાર કરવાનો પ્રશ્ન ઉત્પન્ન થયો છે કે એકડાનો જૂદો જથ્થો અને તેથી થયેલો પ્રતિબંધ દુર કરવો કે કેમ ! મારો નમ્ર અભિપ્રાય તો એવો છે કે હવે એકડાનો ઠરાવ રાખવાની કાંઇ અગત્યતા નથી. સુધર્મે કન્યા આપવા લેવાનો સરળ માર્ગ પડી ગયો છે. તે સંબંધીની ધોરી પાકી સડકે આપણા બધા જ્ઞાતિ બંધુઓ ચાલતા થયા છે, અને તે માર્ગેજ હમેશ જવામાં આનંદ મનાયો છે. લગ્ન વિવાહના કારણથી જે બે વર્ગ મનાય છે તે વચ્ચેનો ભેદ મટી ગયો છે. બને વર્ગ હવે એક સરખા થયા છે તેથી અરસપરસ કન્યા આપવા લેવાનો પ્રતિબંધ એકડાથી થયો છે તે કાઢી નાંખવાનો આ યોગ્ય સમય છે. હવે તે વધારે સમય લંબાવવામાં કંઇ લાભ નથી. અરશપરશ કન્યા આપવા લેવાનો પ્રતિબંધ તુટયાથી અરશપરશના વ્યવહારનો માર્ગ ખૂલ્લો થશે. સરળતાથી તેનો લાભ લેવાશે. તે સંબંધી હવે કંઇ પણ અપવાદ મનાશે નહિ અને જ્ઞાતીમાં આનંદનો ઘણો વધારો થશે.

સુધર્મે કન્યા નહિ આપનારને શિક્ષા કરવાનો ઠરાવ વ્યારામાં થએલી ધારાસબંધીમાં છે તેથી તે વીરૂદ્ધ આચરણ કરનારને સમસ્ત જ્ઞાતિ શિક્ષા કરશે. એટલે એકડાનો હેતુ જ્ઞાતીના ધારાથીજ પાર પડશે.

પ્રતિબંધ તૂટયાથી એકડા વર્ગની કન્યા બીજા વર્ગમાં ઘણી જશે અને તેથી તે વર્ગમાં કન્યાનો સંકોચ થશે એવો ભય રાખવાનું કારણ નથી. હુંતો ઇચ્છું છું કે એ પ્રમાણે ઘણી કન્યાના લગ્ન થાય. તેમ થશે તો ભેદ ટાળવાનો હેતું જલદી પાર પડશે.

હવે જુનો જમાનો વહી ગયો છે. કેળવણીની કેટલીક અસર લાગી છે. માણુસના વીચારમાં સુધારો થયો છે. ઉદાર વૃતી થઇ છે. બંધુભાવના ફેલાઈ છે. કન્યા વ્યવહારનું વિશાળ ક્ષેત્ર કરવા ઇચ્છા સર્વત્ર ઉત્પન્ન થઈ છે.

એ બધાં કારણોથી કન્યા વ્યવહારનું ક્ષેત્ર ટુંકુ કરવાનો એકડાનો પ્રતિબંધ હવે નકામો છે. તે જલદી દુર કરવાની આવશ્યકતા છે. અને તેમ કરવાને આ યોગ્ય સમય છે. એ પ્રમાણે કરવાનું એકડાની છેલ્લી કલમમાં સ્પષ્ટ રીતે કહેલું છે. જ્યારે બધા સ્વધર્મે કન્યા આપતા થાય ત્યારે એકડા ચલાવવા નહીં અને બીજા વર્ગ સાથે ભળી જવું, એવી જે એકડાની ઘણી ડહાપણ ભરેલી કલમ છે તેનો ઉપયોગ હવે કરવો જોઇયે અને તેમ કરવાથી આપણી જ્ઞાતીને ઘણો લાભ થશે.

જો પાલવાડામાના આપણા બે પક્ષ એ પ્રમાણે આપણે જોડી શકીશુ તો પછી સુરત શહેર, નવચોરા, અને પંચકોશી સાથેનો જુનો બધ પડેલો આપણો કન્યવ્યહાર પાછો ચાલુ કરવાના વિચાર અને પ્રયત્ન આપણે કરી શકીશું. પણ જ્યાં સુધી આપણા ઘરનું એટલે પાલવાડાનું ઐક્ય થયું નથી ત્યાં સુધી બીજા વિચાર થઈ શકશેજ નહિ. માટે પાલવાડાનું આપણું ઐક્ય કરવાની પ્રથમ આવશ્યકતા છે એમ સર્વેને લાગશે.

આપણી જ્ઞાતિમા કુસંપનું બીજું કારણ શુકલ દક્ષણાની કોથળીની રીત છે, એમ મેં આગળ કહ્યું છે. એ સંબંધી વધારે વીસ્તારનું કારણ નથી, કેમકે તે સર્વે ભાઇઓના અનુભવની વાત છે. ખરી વાત છે કે આપણા પ્રાચીન વડીલોએ જ્ઞાતીના પ્રમુખ, અગ્રેસરો, કે સગા સબંધીને શુભાશુભ પ્રસંગે માન આપવાને માટે કોથળીની રીત દાખલ કરી હતી. હાલમાં નામદાર અંગ્રેજ સરકાર તરફથી સારા સાર્વજનીક કામ કરનારને કે સારી સેવા બજાવનારને, સર—સી. એસ. આઈ. રાવબાહાદુર કે રાવસાહેબના ઇલકાબ આપે છે. તેજ ધોરણે યજ્ઞ યાગાદી પ્રસંગે, જ્ઞાતિના ચોરા કે મેળાવડા વખતે, જ્ઞાતીના પ્રમુખોને માનની એધાણી તરીકે દક્ષણા વેંહેચતી વખતે નાણાની કોથળી દક્ષણા વેંહેચવા માટે આપવાની રીત દાખલ થઇ હતી. એ રીત તે જમાના માટે બહુ સારી હતી. તેમાં જ્ઞાતીનો વિવેક સમાયલો છે. જ્ઞાતીના પ્રમુખોએ અગ્રેસરોએ અને જ્ઞાતીએ તેમાં પ્રતિષ્ઠા માની છે. પ્રમુખોને માટે એવી માનની નીશાની જ્ઞાતિ રાખે તેમાં જ્ઞાતિની શોભા છે.

પણ હવે જમાનો બદલાઇ ગયો છે. માનના પ્રકારો નવા થયા છે. જે મૂલ્યવાન અને પ્રતિષ્ઠા કોથળીમાં મનાતી તે હવે રહી નથી, જે કોઇ

ઉમંગ, અને આદરભાવથી ગ્નાતીના પ્રમુખોને કોથળી આપવામાં આવતી હતી તેને બદલે હવે અભાવ, કંટાળો, વેઠ જેવું થઈ પડ્યું છે. એવું પરિણામ આવવાના દોષમાંથી પ્રમુખો પણ મુક્ત થઇ શકે એમ નથી. ગ્નાતીના પ્રમુખો કોથળી લેવા સંબંધી માહોમાહે તકરાર ઉત્પન્ન કરે, ચડતી કોથળી લેવાની તાણા તાણ થાય. નહિ મળે તો અપમાન ગણે, તે સાથે કેટલાક નવા હક થયા છે તેથી ગૂચવણ વધી છે. તેથી જેમને ત્યાં કૃત્ય હોય તેમને તથા સગા સબધીના જીવને ક્લેશ થાય છે. લગ્ન જેવા માંગલ્ય કાર્યમાં વિક્ષેપ થાય છે, તે સબધીના કાર્યોમાં વીલંબ થાય છે. ગ્નાતિ જમણ મોડું થાય છે, એ વીગેરે ઘણી તકરાર, દુઃખ, વીટંબણા અને ક્લેશ એ કોથળીની રીતથી હવે થાય છે. તેથી તે કહાડી નાંખવી એજ સારો માર્ગ છે.

કદાચ કોઇ એમ સૂચના કરશે કે કોથળી કહાડી નાંખવા કરતાં એ સંબંધી નિયમ બાંધી ગૂચવણો દુર કરવી જોઇયે. એ ઇલાજ પણ લેવાઈ ચુક્યો છે. આપ સર્વ ભાઇઓના જાણ્યામાં છે કે સંવત ૧૯૪૩ માં મારા પૂજ્ય કાકા વ્યાસ શંકરજીના દીવસપાણીમાં પાઠકજી પુરૂષોતમ તથા ગ્નાતોનું મ્હોટું મંડળ અંત્રે ભરાયુ હતું તે વખતે એ બાબતના કેટલાક નિયમો બાંધવામાં આવ્યા હતા- તો પણ તેથી ધારેલો હેતુ પાર પડ્યો નહીં અને ઉપર બતાવેલી હરકતો દુર થઇ નથી તેથી હવે નિયમ બાંધી કોથળીની રીતમાં સુધારો કરવાથી કંઇ લાભ થાય એમ પણ નથી.

ગ્નાતિના સારા કામો કરવા માટે વ્યાસ પાઠકના વડીલોને ગ્નાતીએ માન પ્રતિષ્ઠા આપી હતી. અને તેના બાહ્ય ચીન્હ તરીકે કોથળીની રીત કહાડી હતી; તેમાં મને તથા મારા કુટુંબને ઘણો લાભ છે એમ હું સારી પેઠે જાણું છઉં છતાં તે માન છોડી દેવા હુ આજ તૈયાર થયો છઉં અને કોથળીની રીત કહાડી નાંખવા ભલામણ કરૂં છું. તેથી કદાચ મારા ઉપર કોઈ અવિચારીપણાંના કે ડહાપણની ગેરહાજરીનો અપવાદ મૂકે તો તે બાબત ખુલાસો એ છે કે કોથળી કાઢી નાંખવા બાબત મારો અભીપ્રાય આજ કાલના કોઈ અમૂક પ્રસંગ ઉપરથી એકાએક બંધાયલો નથી. પણ એ સંબંધી લાંબા કાળથી હું વીચાર કરતો આવ્યો છઉં અને બધી રીતનો પુખ્તપણે વીચાર કર્યાથી મારી ખાત્રી થઇ છે કે એમાં પાઠકનો અને વ્યાસનો ગમે તેટલો લાભ હશે તો પણ કોથળા એ ગ્નાતીમાં કુસં-

પનું એક મુખ્ય કારણ છે. એથી જ્ઞાતિમાં ક્લેશ, દ્વેષ અને દુઃખ ઉત્પન્ન થાય છે. અને તેથી તે જ્ઞાતીનું હીત વધારનાની નથી પણ ઘટાડનારી છે. એવી ક્લેશ અને દુ ખકારીણી કોથળી હવે આપણે કહાડી નાખવી જોઇયે અને એવાજ કારણથી તે સુરત અને નવચોરામાંથી લાંબી મુદ્દત થયાં નીકળી ગઈ છે. કોથળીની રીતમાં મારો અને મારા કુટુંબનો સ્વાર્થ, હીત અને માન પ્રતિષ્ટા રહેલા છે. તે જ્ઞાતિના હીતની ખાતર, જ્ઞાતીમાંનો કુસંપ દુર કરવાની ખાતર, સંપ વધારવાના હેતુથી અને જ્ઞાતીમાં હમેશ આનંદ અને હોંશ ઉમગ રહે અને બંધુભાવથી સર્વે ભાઇઓ વર્તે, અને જ્ઞાતી સુખી રહે, એજ કારણથી, નિસ્વાર્થ બુદ્ધીથી છોડી દેવા હુ તૈયાર થયો છું. તેથી તે કાર્ય બધી તરફથી સ્તુતીપાત્ર ગણવામા કદાચ નહિ આવે તો પણ આગળ કહેલા અપવાદમાંથી તો મને મુક્ત કરવામાં આવશે એવી આશા રાખું તો તે કઈ વધારે નથી. એ બાબતમાં મારા ભાઇઓ, ભત્રીજાઓ, મારા ચીરંજીવી, તથા મારૂ આખું કુટુબ એકમત છે.

જ્ઞાતીબંધુઓ, તમે જાણીને ખુશી થશો કે એમ કરવામાં પાઠકજીની પણ સમ્મતિ છે. જ્ઞાતિનું હીત વધારવામાં મારા કરતાં તેઓ કંઈ ઓછા ઉત્સુક છે એમ નથી તથા એ બાબતની તેમની નિ.સ્વાર્થ બુદ્ધી મારા કરતા કમી છે, એમ પણ નથી. જ્ઞાતિએ આપેલી પ્રતિષ્ઠાનું એક ચિન્હ લાંબી મુદતે હમો બન્ને રાજી ખુશાથી, અક્કલ હુશીયારીથી, જ્ઞાતિને પાછું સોંપીયે છીયે તે સર્વાનુમતે સ્વીકારશો એવી આશા રાખીએ છીએ.

જ્ઞાતીએ પ્રમુખો જ્ઞાતીના હીત માટે માનેલા છે. તેમની પ્રતિષ્ઠાનું એક બાહ્ય ચિન્હ આ જમાનાને ઉપયોગી ન લાગ્યાથી છોડી દેવામાં આવે છે. તેથી જ્ઞાતિ બંધારણમાં કંઈ હરકત આવવાની નથી. પ્રતિષ્ઠાની એક બાહ્ય નીશાની બંધ કર્યાથી પ્રમુખપદને કંઇ હરકત થાય છે એમ ગણવાનું નથી. દેશમાં રાજા જોઇયે, પ્રજાસત્તાક રાજ્યમાં પણ પ્રમુખ જોઇયે. ગામમાં પટેલ જોઇયે, અને જ્ઞાતીમા શેઠ, પટેલ, કે પ્રમુખ જોઇયે. તેમના વીના દેશનું રાજ્ય, પ્રજાનો કારભાર, ગામનું કે ન્યાતનું કામકાજ સરળતાથી ચાલી શકે નહીં. માટે જ્ઞાતીનું કામ કરવા માટે આપણી જ્ઞાતીએ જે પ્રમુખો માનેલા છે તે સંસ્થા અવશ્યની છે. તેમના હાથ મજબુત રાખવા, તેમની સત્તા વધારવી, તેમના તરફ માનની લાગણીથી જોવું અને એ રીતે જ્ઞાતીનું બંધારણ મજબુત કરવું એ જ્ઞાતીને હીત

કરતા છે એમ સર્વેને જણાયા વીના રહેશે નહીં. એ પ્રમાણે જ્ઞાતિબંધારણ મજબુત ન રહે તો જ્ઞાતાના ધારા બરાબર ચાલી શકે નહિ.

કોથળીની રીત શુકલોને આપવાની દક્ષણા જોડે જોડાયલી છે. તેથી કોથળી કાહાડી નાંખવામાં આવે તો શુકલોને મળતી દક્ષણા બંધ થઈ જાય એવો કદાચ કોઇને ભય રહે તો તેવો ભય રાખવા કારણ નથી. કોથળી નીકળી જાય તો પણ શુકલ દક્ષણા કાઢી નાંખવાની નથી. તે ધણી જરૂરની છે. માંગલ્ય પ્રસંગે ધર્મ થાય છે અને વેદ ભણનારાઓને ઉત્તેજન મળે છે અને તેમનો સત્કાર થાય છે. માટે દક્ષણાની રીત તો અવશ્ય રહેશે. તે સંબંધી જ્ઞાતીએ એવા નીયમ બાંધવા કે તેથી દક્ષણા મળતી રહે અને શુકલોને વેદ ભણવામાં ઉત્તેજન મળે અને તેમ કરવાની જરૂર પડે. હાલ વગર ભણેલો શુકલ મ્હોટી પકતીમાં પ્રથમ પુજાય અને વિદ્વાન શુકલ નાની પંકતીમા હોવાથી છેવટે પુજાય એ રીતમાં ફેરફાર કરવા જરૂરનો છે. વિદ્યા પ્રમાણે પંકતી હોવી જોઇયે. અને તે કાયમની વંશપરંપરાની રહેવી જોઇયે નહી.

એ પ્રમાણે આપણી જ્ઞાતીમાના કુસંપના બે કારણ દુર કરવાનો વિચાર કર્યા પછી જ્ઞાતી સુધારાની કઇ બાબત પ્રથમ હાથમાં લેવી તેનો વિચાર આપ સર્વે ભાઇઓ કરશો. સર્વેથી અગત્યનો વિષય બાળલગ્નનો અટકાવ કરવો એ છે. એના ઉપરજ આપણી ભવીષ્યની પ્રજાના આરોગ્યનો, બળનો, અને સમગ્ર જ્ઞાતીના ઉદય અને ઉન્નતીનો સઘળો આધાર રહેલો છે. આપણા બાળકોને નામના બ્રહ્મચારી નહી, પણ ખરેખરા બ્રહ્મચારી કરવાની આવશ્યકતા વીશે જેટલુ કહેવામાં આવે તેટલુ ઓછું છે. એ વીષે બીજાઓ તરફથી સારા ભાષણો થશે. તેથી મારે વધારે વીસ્તાર કરવાની જરૂર નથી. પણ ટુકાણમાં એટલું કહીશ કે મ્હોટાં શહેરોમાં ઉચ્ચ જ્ઞાતીઓનાં છોકરાઓને ૧૮-૨૦ વર્ષની અંદર પરણાવવામા આવતા નથી, અને છોકરીઓને પણ ૧૩-૧૪ વર્ષની ઉમ્મરે પરણાવવાનો રીવાજ દાખલ થઇ ચુકયો છે. તે ધોરણે આપણે પણ ઠરાવ કરવા જોઇયે કે અમુક વર્ષની અંદર છોકરાઓનુ લગ્ન કરવું નહિ. અને છોકરા છોકરીની ઉમરમાં પાંચ સાત વર્ષનો ફેર રાખવો. મારા ચીરણજીવી વીષે મે એવો દાખલો કરી બતાવ્યો છે. તે ૧૮ વર્ષનો થયો ત્યારેજ તેનું લગ્ન કર્યુ હતું. એ સંબંધી આ સભા યોગ્ય ઠરાવ કરશે અને તે દૃઢતાથી પાળવામાં

આવે એવી યોજના તમો સર્વે ભાઇઓ કરશો તો આપણી જ્ઞાતીનું ઘણું કલ્યાણ થશે.

સંસાર સુધારાનો બીજો વિચાર કરવા જેવો વીષય જ્ઞાતીના ખરચ-વરા છે. તેમાં આપણે અત્યાર સુધી ઘણો ઘટાડો કરી શકયા છીએ. હજુ તે દિશામાં આગળ જવા જેવું છે કે નહિં તેનો વિચાર કરવાનો છે હવે આપણી જ્ઞાતીનાં ઉપવીતની એક ન્યાત, લગ્નના બે વરા અને ઉત્તરક્રીયાના દ્વાદશા અને ત્રયોદશાની ન્યાત. એટલો ન્યાતવરાનો ખરચ રહેલો છે. એમાં કંઈ બીજી કાપકુપ કરવા જેવું હોય તો તેનો વીચાર કરશો. એ સંબંધમાં મારે એક સૂચના કરવાની છે તે એ છે કે ગૂજરાતના ઘણા મ્હોટાં સ્થળોમાં સારી સ્થીતીની ઘણી જ્ઞાતોમાં સઘળો ન્યાત વરાનો ખરચ મરજી અને અનુકુળતા ઉપર રાખેલા છે, ફરજીયાત ખરચ એટલે જ્ઞાતીના કર રૂપી જબરદસ્તીનો ન્યાત વરાનો ખરચ છેજ નહીં. જેની જેટલી અનુકુળતા અને જેવી મરજી તેટલા વરા તે કરે. તેવું ધોરણ આપણી જ્ઞાતીમા દાખલ કરવામાં આવે, તો કોઇને કંઈ હરકત જેવું નથી. એટલે લગ્નમાં એક ન્યાત કરવી હોય તો પહેલા દીવસની નહિં કરે અને ગોરવજ કરે. તેમ બારમું ન કરવું હોય તો એકલું તેરમું કરે. એવું ધોરણ કે સુધારો કરવા સંબધી વીચાર કરશો.

એ ઉપરાંત પરચુરણ રૂઢી રીવાજોમાં પણ કંઈ ફેરફાર, સુધારો વધારો, કરવા જેવો હોય તો તેની પણ તપાશ કરશો.

પણ સર્વથી અગત્યનો વીષય કેળવણીનો ફેલાવો કરવો એ છે. સઘળા સુધારાનો પાયો કેળવણી ઉચ્ચી કેળવણી છે. તેનો વધારો આપણી જ્ઞાતીમાં થશે તો સંસાર સુધારા કરવાનું કામ સહેલું થશે, કેળવણીની બાબતમાં આપણી પાલવાડાની જ્ઞાતી ઘણી પાછળ છે. તે જમાના સાથે ચાલે એમ કરવાની ઘણી અગત્ય છે. જ્યારે બીજી જ્ઞાતીઓમાંથી સખ્યાબંધ ગ્રેજ્યુએટો બાહાર પડ્યા છે. ત્યારે આપણી જ્ઞાતીમાથી બે ત્રણ ગ્રેજ્યુએટો, ચાર પાંચ અંડર ગ્રેજ્યુએટો, તેટલાજ મેટ્રીક અને ડઝન એક સ્કુલ ફાઇનલ થયેલા તથા બે કે ત્રણ ડઝન ગૂજરાતી થઈ ગ્રેઇડમાં પાશ થયેલા માલમ પડે છે. છેલ્લા ૫૦ વર્ષથી અંગ્રેજી કેળવણી શીરૂ થઈ તે દરમ્યાન કેળવણીનું એ પરિણામ દીલગીર થવા જેવું છે. ખરી વાત છે કે આપણા જ્ઞાતી બંધૂઓને કેળવણીના જોઈતાં સાધન નથી અને તેથીજ જ્ઞાતીના ચાલાક બાળકો ઉચ્ચી

કેળવણી લેવા ભાગ્યશાળી થઈ શકતા નથી. એ સાધનોની અનુકુળતા કરી આપવામાં થોડી ઘણી મદદ જ્ઞાતી કરી શકે અને થોડી તજવીજ વિદ્યાર્થીઓના વડીલોએ કરવા કાળજી રાખવી જોઇએ.

હાલ તો વધારે એમ જોવામાં આવે છે કે છોકરાઓ જલદી પરણે તેમ કરવાને તેના વડીલો વધારે ઇન્તેજાર હોય છે. પરણીને તે પોતાનો નિર્વાહ કેવી રીતે કરશે તેની વધારે ફીકર લેવામાં આવે તો ઘણું સારૂ. છોકરાને પરણાવવા કરતાં તેને ભણાવવા સંબંધી જરૂરી કાળજી રાખવામાં આવે તો તેના લગ્ન સહેલથી સારી રીતે થાય અને તેનો સંસાર સુખી નીવડે. જેટલો ખરચ છોકરાને પરણાવવામાં કરવામાં આવે તેટલોજ તેને ભણાવવામાં કરવામાં આવે તો પણ ચાલે. તેટલાથી પણ તેનો નિર્વાહ સારી રીતે થઈ શકે.

આપણી જ્ઞાતિ એ કામ માટે મ્હોટું ફંડ કરી ઘણો ખરચ કરી શકે એવી સ્થીતીમાં નથી, તોપણ શુભાશુભ પ્રસંગે થોડી થોડી રકમ કેળવણી ફંડ માટે કહાડે તોપણ તેમાથી મદદ કરી શકાય. વ્યારાના ધારામાં એવું ફંડ કરવાનું ઠરેલૂ છે. તે કોઈ કોઈ સ્થળે ચાલે છે અને કોઇ સ્થળે બંધ થઈ ગયુ છે; ચાલે છે ત્યાં પણ તે ફંડનો યોગ્ય વ્યય થતો હોય એમ જણાતું નથી. તે પાછું સુધારા વધારા સાથે તાજું કરવું જોઈએ.

હાલમાં આપણા ઘણા ગામોએ ખાનગી અંગ્રેજી સ્કુલો ચાલુ થઈ છે. વાલોડ, વ્યારા, બારડોલી, માંડવી, પલસાણા, એ સ્થળોએ અંગ્રેજી ૩-૪ ધોરણ સુધી અભ્યાશ ચાલે છે. જે ગામે એવી સ્કુલો નહી હોય ત્યાં તે ખોલવા ગામના લોકોએ તજવીજ કરવી જોઇએ. ત્રણ ધોરણ સુધી અભ્યાસ કરી ઉપલા ધોરણનો અભ્યાસ કરવા વિદ્યાર્થીઓ સુરત કે નવસારી જાય છે તેમને રહેવાને બોરડીંગ એટલે વિદ્યાર્થી આશ્રમ જ્ઞાતિ તરફથી નીકળે અને વિદ્યાર્થીઓને સ્કુલની ફી, ચોપડાનો ખરચ એટલું પણ ફંડમાંથી આપી શકાય, તો પણ એક મોટી મદદ રૂપ થઈ પડે. ફંડ મ્હોટું હોય તો મેટ્રીક થયા પછી કોલેજનો અભ્યાસ કરવા સ્કોલરશીપો આપી શકાય. એ સંબંધી પણ આ સભા કંઈ વિચાર કરશે તો જ્ઞાતિ ઉન્નતિનું તે એક મ્હોટું કાર્ય થયેલું ગણાશે.

મારૂં ભાષણ સમાપ્ત કરતાં પહેલાં છેવટે હું એટલું કહેવાની રજા લઉ

છું કે, તિર્થયાત્રા કરવાની મને તૃષ્ણા હતી તે તૃષ્ણા હાલમાં થોડી મૂદત્ત થયાં પાર પડી છે. ઉજ્જન પ્રયાગ, કાશી ગયાજી અયોધ્યા, હરદ્વાર, રૂષીકેશ, મથુરાં એ પવિત્ર સ્થળોમાં સ્નાન, શ્રાધ, પૂજન, દર્શન યથાવિધિ આનંદથી કરી પ્રભૂ કૃપાથી ઉત્તર તીર્થોની યાત્રા પૂરી કરી છે. પણ એક યાત્રા બાકી હતી. જ્ઞાતીને પણ ગંગાજી રૂપ તિર્થ શાસ્ત્રકારોએ માનેલું છે. તેથી જ્ઞાતી રૂપી ગંગાજીના પ્રત્યક્ષ દર્શન પુજન કરી યાત્રા કરવાની ઈચ્છા લાંબી મૂદત્તથી થઇ હતી. ત્રીજે શાલ તેનો પ્રારંભ કરવા ઠરાવ્યું હતું. બારે ગામ પત્રીઓ લખી સર્વને અત્રે પધારવા વિનતી કરી હતી. પણ દૈવયોગે તે કાર્ય પાર પડ્યું નહિં. મારા ભાઇ ગવરીશંકરના અચાનક થયેલા દીલગીરી ભરેલા મરણને લીધે તે કાર્ય બંધ રાખવું પડેલુ, તેથી તે ફરી હાથમાં લેવાની ઇચ્છા આજ પાર પડી છે. આજ જ્ઞાતી રૂપી ગંગાજીના દર્શનનો લાભ મને મળ્યો છે. મારી સઘળી યાત્રા આજ પરીપૂર્ણ થાય છે, એમ હું માનું છું, અને તેથી તમો સર્વે જ્ઞાતી બંધૂઓનો ઘણો આભાર માનુ છઉં.

હવે સભાનુ કામ ચાલુ કરશો એવી છેલ્લી વિનતી છે. અને તે માટે સભાના પ્રમુખની પસંદગી પ્રથમ કરશો.

ત્યાર બાદ સભાનુ પ્રમુખસ્થાન પાંઠકજી દેવશંકર પ્રભાશંકરને વ્યાસજી માધવરામભાઈની દરખાસ્તથી સર્વાનુમતે આપવામાં આવતાં યોગ્ય શબ્દોમાં સભાનો ઉપકાર માની તાળીઓના ગડગડાટ વચ્ચે તેઓશ્રીએ પ્રમુખસ્થાન લેઇ સભાનું કામ આગળ ચલાવ્યુ હતું. બ્રહ્મ સમાજની પ્રથમ બેઠકમાં જુદા જુદા ગામોના જુદા જુદા પ્રતિનીધીઓએ જ્ઞાતિ ઉન્નતીના વિવીધ વિષયો ઉપર વિદ્વતા ભર્યાં ભાષણો આપી જ્ઞાતીમાં કરવા જોઈતા સુધારા બાબત સભાજનોમાં ઘણી સારી છાપ બેસાડી હતી. જુદા જુદા વિષયો બાબત ઠરાવો પસાર કરવા માટે વિચાર ચલાવવા સભાનું કામ બીજી બેઠક ઉપર મુલતવી રાખી સભા વિસર્જન કરવામાં આવી હતી.

ત્યાર પછીના ત્રણ દીવસો એ સભા મળી, તેમાં નીચે પ્રમાણેના સુધારાના ઠરાવો કરવામાં આવ્યા હતા.

ઠરાવો.

૧ સોળ વર્ષની અંદરની ઉમ્મરના કોઇ પણ છોકરાનું વાકદાન કરવું નહીં. તેમજ આઠ વર્ષની અંદરની ઉમરની છોકરીનું વાકદાન કરવું નહિં,

વાકદાન થયા પછી મા બાપની અનુકુળતાએ લગ્ન કરવાની છૂટ છે. પણ કાંઇ પણ ખાશ કા-ણ શીવાય એક વાર થયેલો વાકદાનનો ભંગ કરનારને યોગ્ય સાશન કરવામાં આવશે. આ ઠરાવ આજની મિતિએ આઠ કરતાં વધુ ઉમ્મરની છોકરીઓને લાગુ નથી.

૨ સમગ્રજ્ઞાતી ભેગી થઈ ઠરાવ કરે છે કે શુભાશુભ પ્રસંગે શુકલદક્ષણાની વખત કોથળી કરવાનો રીવાજ છે તે ઠરાવની મિતિથી બધ કરવામાં આવે છે.

૩ શુકલદક્ષણા બાબત નીચે પ્રમાણેના નિયમો ઠરાવવામાં આવે છે.

૧ જે શુકલ વેદ સંપન્ન થયા હોય અને યજ્ઞ યાગાદીક ક્રીયા સ્વતંત્રપણે કરાવી શકે એટલી વીદ્યા મેળવી હોય અને ભાગવત વાંચી શકે એટલું વ્યાકરણનું જ્ઞાન હોય તેને પ્રથમ પકતીમાં મૂકી રૂ. ૧) એક દક્ષણા આપવી.

૨ જે શુકલ સાધારણ કર્મકાંડ કરાવી શકે એવા હોય તેને બીજી પંકતીમાં મૂકી રૂ.૦-૮-૦ આઠ આના દક્ષણા આપવી.

૩ કર્મકાંડ જાણતા ન હોય એવા શુકલોને રૂ. ૦-૪-૦ ચાર આના દક્ષણા આપવી. હાલ જે શુકલ છે તેઓની પંકતી દરેક ગામના અશેષે નક્કી કરવી.

હાલ જે શુકલના છોકરાઓ વિદ્યા અભ્યાસ કરે છે તેઓ કોઇપણ વેદશાળાનું સર્ટીફીકેટ રજુ કરે તે ઉપરથી તેઓની પક્તી બાધવી.

૪ જ્ઞાતીમાં કેળવણીની વૃદ્ધીને અર્થે વિદ્યાવૃદ્ધીનું ફંડ ચાલુ કરવું, અને તેમાંથી વેદશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મદદ કરવી તથા અંગ્રેજી શીખતા વિદ્યાર્થીઓને પણ બને તેટલી મદદ કરવી. લગ્ન પ્રસંગે વિદ્યાવૃદ્ધી ફંડ માટે રૂા. ૪ ચાર, ઉપવિત પ્રસંગે રૂા. ૨ બે તથા મર્ણ ક્રીયામાં રૂપીયા ૨ બે આપવા. દરેક ગામના અશેષે પોતાના ગામના કર્યોના એકંદર રૂપીયા ભેગા કરી તેમાંથી અડધી રકમ ગામના ફકત કેળવણીના ઉપયોગ માટે રાખવી. બાકીની અડધી રકમ વિદ્યાવૃદ્ધી માટેના જ્ઞાતીના જનરલ ફંડમાં દર વર્ષે જમા કરાવવી. જનરલ ફંડ માટેની વ્યવસ્થા કરવા કમીટી હવે પછી નીમવામાં આવશે.

૫ મર્ણ પ્રસંગે રડવા કુટવા બાબત નીચે પ્રમાણે બારડોલી અશેષના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

૧ ગામમાં મર્ણ થાય ત્યારે સબની પાછળ હાલ ચાલતા રીવાજ મુજબ જવું. મરનારના ઘરના બારણા આગળ રડવું કુટવું પણ નદીએ જતાં આવતાં રસ્તાપર રોવું કુટવુ નહીં.

૨ બ્હારગામથી મર્ણના સમાચાર આવે ત્યારે સગાવ્હાલાંને ત્યાં બૈરાં માટીડા કરવાનો રીવાજ છે તે બંધ કરવો. એવે પ્રસંગે જેને સ્નાન હોય તેણે બીજા લાગતાવળગતાને ખબર આપી ઘર આગળ સ્નાન કરવું. નદીએ નાહાવા રડતા કુટતા જવું નહીં. સ્નાન કર્યા પછી સગા સંબંધી ભેગા થઈ ઘરમાં રડે કુટે. મરદે બે દીવસે ઉઠમણું ઘરને બારણે રાખવું. પણ લોકીક રીત કરવી નહિ.

૩ બ્હાર ગામના રડવા કુટવા કાજે આવે તે વખતે બૈરાંઓએ રસ્તેથી કુટતા આવવુ નહીં. પણ મરનારના ઘરની અંદર જઈને રોવું કુટવું. તેમ મરનારના ઘરનાં બૈરાંઓએ પોતાના ઘરના બારણા આગળ ઉભા રહી કુટવું નહીં. મરદોએ આવી બેસવું પછી ત્યાંથી ઉઠીને ઘરમાં નજીકના શગાઓએ રડતાં જેવું હોય તો જાય. એ પ્રમાણે રડવા કુટવા બ્હારગામ એક માસ અંદર જવું. તે મુદત બાદ જાય તો રડવા કુટ-વાની રીત કરવી નહિં પણ ઘરમાં જઈ દીલાસો આપવો.

૪ બ્હારગામ રડવા જવાનું હોય તો જમી ખાઇને જવું અને સાંજના પાછા આવવું. રાતે રહેવાનું રાખવું નહીં, પણ ખાશ જરૂર હોય તો રાત રહેવાની છુટ છે.

૫ ઉપરના નિયમો પ્રમાણે નહિ ચાલે તેને રૂપીયો સવા દંડ કરવો અને એવા દંડને પાત્ર થયેલા માણુસોનો જે પક્ષ કરશે તેને રૂા. ૫–૪–૦ સવા પાંચ દંડ કરવામાં આવશે.

એકડા વર્ગે કન્યા વ્યવહારનો કરેલો પ્રતિબંધ દુર કરવાની દરખાસ્ત

મુકવામાં આવી. તે સંબંધી એકડા વર્ગના પુરૂષોએ વિચાર કરવા થોડોક વખત લીધો. તે વિચારમાં તેઓ માહોમાહે એકમત થયા નહિં. તેથી ભટ પુરૂષોતમે તે સંબંધી કેટલુંક ભાષણ કરી જ્ઞાતી એકત્ર કરવાના વિચાર પસંદ કર્યા પણ તે સાથે એટલું જણાવ્યું કે એકડા વર્ગ હજુ બરાબર લાયક થયો નથી. તેઓ હજી ઘણા કાચા છે. તેથી હજી એ સંબંધી અનુભવ લેવાને તેમને વધારે વખત મળવો જોઇએ. તેથી તે દરખાસ્ત પડતી મેળવામાં આવી. તો પણ એટલું તો માલુમ પડ્યું હતું કે બન્ને જથ્થા એકત્ર કરવાનો વિચાર એકડાના ઘણા ભાગને રૂચ્યો છે. અને તેમ કરવાને ઘણા તૈયાર છે. પણ તે જથામાં થોડાકને તેમ કરવા બરાબર હિંમત ન હતી, તેથી આશા રહે છે કે ટુંક વખતમાં એકડાનો આખો સમૂહ સર્વાનુમતે એકત્ર થવાનો વિચાર અમલમાં મૂકશે.

ત્યાર બાદ રા. વ્યાસ માધવરામે સભાએ ઘણું સારૂં કામ બજાવ્યું તે બદલ સભાનો ઉપકાર માનતાં સભાના હર્ષનાદ વચ્ચે જાહેર કર્યું કે જ્ઞાતીમાં કેળવણીની વૃદ્ધીને અર્થે ઉભા કરવા ધારેલા ફંડમાં તેઓ રૂા. ૩૦૦૦ ત્રણ હજાર આપે છે. તે એવી શરતે કે તેના વ્યાજમાંથી પાલવાડા ઓદીચ્ય સહસ્ત્ર જ્ઞાતીનો વિદ્યાર્થી મેટ્રીકની પરિક્ષામાં સર્વેથી ઉંચે નંબરે પાસ થાય અને કોલેજમાં દાખલ થાય તેને રૂા. ૧૦) દશની માશીક સ્કોલર્શીપ આપવી. છેવટ જ્ઞાતીમાં આવે પ્રસંગે જ્ઞાંતિના ચાલતા આવેલા રીત રીવાજ મૂજબ જૂદા જૂદા ગામોના અશેષ તરફથી રા. માધવરામભાઇને સત્કાર તરીકે શાલ પાઘડીઓ તથા રોકડ નાણું આપ્યું હતું. તે બધાની કુલ્લ કીમતના તમામ રૂપીયા તેઓએ ઉપર જણાવેલા રૂા. ૩૦૦૦ હજાર ઉપરાંત કેળવણી ફંડમાં આપી દીધા હતા.

રા. માધવરામ ભાઈએ આ શુભ પ્રસંગની યાદમાં જ્ઞાતીમાં નામા દીઠ લાહાણા તરીકે એકેક જરમન સીલ્વરનો લોટો પ્યાલૂં આપવાનું જણાવી તે મુજબ બારડોલી પધારેલા બધા ગ્રહસ્થોને લહાણીના લોટા પ્યાલા આપ્યા હતા. તથા બાકીનુ નામા દીઠ લહાણું દરેક ગામે મોકલી આપવામાં આવ્યું હતું.

ઉપર મુજબ સભાનું કામ સંતોષકારક ચાલ્યા પછી સભાના પ્રમુખે સભા બરખાસ્ત કરી હતી.

વિષ્ણુયાગની પૂર્ણાહુતી વૈશાખ શુ ૧૩ રવીવારે સાંજના થઇ હતી.

તે વખતે દર્શણુ માટે ગામના ઘણા માણસોનો મેળો ભરાયો હતો. અને સોમ સાંજના બધા ગામના પ્રતિનીધીઓ પોત પોતાના ગામ સીધાર્યા હતા

ઉપર પ્રમાણે જ્ઞાતી સુધારાનું જરૂરી કામ જ્ઞાતીની સભામાં દીવશ શાન્તીથી સભ્યતાથી અને સરળતાથી પાર પડ્યું તેથી સર્વ સ્વજનોને ઘણો આનંદ થયો હતો. એથી પાલવાડાના ઔદીચ્ય સહસ્ત્ર બ્રા જ્ઞાતીને ઘણો ધન્યવાદ ઘટે છે.

જ્ઞાતિએ પહેલાં જે સુધારાના ઠરાવો કર્યા છે અને જે કાર રહ્યા છે અને જેનો અમલ થાય છે તે નીચે પ્રમાણે.

૧ કન્યાવિક્રય, સાટાં ત્રીખલા, બંધ કરવામાં આવ્યા છે. એ ઠર.. વિરૂદ્ધ ચાલે તેને એક વર્ષ જ્ઞાતીબ્હાર મુકવો. અને તેણે રૂ. ૨૦૦ બસો દંડ આપવો.

૨ કન્યાનું પલ્લુ રૂ. ૨૫૧) ના ઘરેણા અને રૂ. ૫૦) ના વસ્ત્રનું ઠરાવવામાં આવ્યું છે.

૩ લગ્નમાં વરયાત્રા ચાર દીવશ રહેતી હતી. અને કન્નાવાળા તરફથી જ્ઞાતી ભોજન થતું હતુ તે બંધ કરી ઠરાવવામાં આવ્યું છે કે વરયાત્રા બેજ દીવસ રહે અને કન્યાવાળા બે જ્ઞાતી કરે. ગામનીજ વરયાત્રા હોય તો એકજ ન્યાતી ગૌરવના દીવશેજ કરવી.

૪ વરવાળા તરફથી પોતાના ગામમાં વરેઠી થતી હતી તથા કન્યાના ગામમાં શિષ્ટ એટલે સગા સંબંધીઓની ન્યાતી થતી હતી, તે વરેઠી તથા શિષ્ટ બંધ થયાં છે.

૫ ઉપવિતની એક ન્યાતિ કરવી.

૬ સીમંતમાં મોસાળીયા જતા અને તેઓ સાત દીવસ રહેતા હતા તથા તે પ્રસંગે જ્ઞાતિભોજન થતું હતું તે બધો રીવાજ બધ કરવામાં આવ્યો છે. અને એમ ઠર્યું છે કે સાસ્ત્ર વિધી પ્રમાણે ઋતુશાંતી તથા ગર્ભાધાનની ક્રીયા કરવી. અને પીહેર તરફથી છોકરી માટે કંઈક લુગડાં કે રૂપીયા કે મીઠાઈ મોકલવી હોય તે એક માણસ સાથે મોકલવું.

૭ યુવાન એટલે ૩૦—૪૦ વર્ષના માણસનું મર્ણ થાય તો સારૂ

-વા પ્રમાણે શ્રાધ કરવું પણ જ્ઞાતિભોજન કરવું નહિ તે કરતાં વધારે ઉમ્મરના માણસના મર્ણ પ્રસંગે દ્વાદશા અને ત્રયોદશાની જ્ઞાતી કરવી. એકાદશા ને ચૌદમાની જ્ઞાતિ બંધ થઈ છે.

૮ આચાર્ય દક્ષણા ઉપવિતમાં રૂા. ૨) કે ૨ાા તથા લગ્નમાં અને મર્ણના પાટલા વખતે રૂા. ૩ કે રૂા. ૩ા રાખવામાં આવ્યા છે.

૯ મર્ણના પાટલા વખતે બેન બનેવી દીકરી જમાઈ, ભાણેજ દોહીત્ર એ સીવાય બીજા સગાઓને પુજવાં નહિ.

૧૦ પરદેશગમન કરનાર એટલે વિલાયત જઈ આવેલાને શાસ્ત્ર વિધી પ્રમાણે પ્રાયશ્ચીત આપી જ્ઞાતિમાં દાખલ કરવાનો ઠરાવ થયો છે.

૧૧ જ્ઞાતિના ઠરાવ વિરૂદ્ધ કોઈ આચરણ કરે તેને શિક્ષા કરવાનો પ્રથમ અધિકાર તે ગામના અશેપ બ્રાહ્મણને છે. અને ત્યાર પછી વ્યાશ અને પાઠકને છે.

બાર ગામોમાં નામા છે તેની સંખ્યા નીચે પ્રમાણે.

૧	વાલોડ.	૧૭૫
૨	બારડોલી.	૧૩૭
૩	બ્યારા.	૭૫
૪	કડોદ.	૭૧
૫	પલસાણા.	૬૧
૬	વાંસદા.	૫૬
૭	બલેશ્વર.	૪૫
૮	મહુવા.	૩૬
૯	માંડવી.	૨૪
૧૦	ખરવાસા.	૧૨
૧૧	સરભોણ.	૮
૧૨	ધરમપોર.	૩
		૭૦૩